# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન આજથી કર્ણાટક, ગોવા અને કેરળની ત્રણ દિવસની મુલાકાતે
2) કેન્દ્રીય મંત્રી અમિત શાહે દેશમાંથી ગેરકાયદેસર રહેતા લોકો સામે પગલાંની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો
3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતનાં કચ્છ ખાતે સરહદ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે
4) રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે આતંકવાદ સામે નિર્ણાયક કાર્યવાહી કરવાની હાકલ કરી
5) અમેરિકા અને ઈરાન વચ્ચે વધુ આગમી 60 દિવસના યુદ્ધવિરામના માટે સમજૂતી
6) IPL ક્રિકેટમાં,ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ, આજે ક્વોલિફાયર 2 માટે ટકરાશે

સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VP - VISIT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન આજથી કર્ણાટક, ગોવા અને કેરળની ત્રણ દિવસની મુલાકાત લેશે.

ઉપરાષ્ટ્રપતિ આજે કર્ણાટકના બેંગલુરુમાં આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના 45 વર્ષ પૂર્ણ થવાના વૈશ્વિક સમારોહમાં હાજરી આપશે. બાદમાં, તેઓ કર્ણાટકના દાવણગેરે ખાતે યુનિવર્સિટી BDT કોલેજ ઓફ એન્જિનિયરિંગના પ્લેટિનમ જ્યુબિલી સમારોહમાં હાજરી આપશે.

આવતીકાલે, શ્રી રાધાકૃષ્ણન પણજી ખાતે ગોવાના રાજ્ય સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગ લેશે અને ગોવાના સીએસઆઈઆર-CSIR નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશનોગ્રાફીની પણ મુલાકાત લેશે.

ઉપરાષ્ટ્રપતિ રવિવારે બેલ્થાંગડી ખાતે CIRI ઇન્ડસ્ટ્રીયલ પાર્કનું ઉદ્ઘાટન અને કર્ણાટકમાં શ્રી ક્ષેત્ર ધર્મસ્થળ મંજુનાથ સ્વામી મંદિરની મુલાકાત લેવાનું પણ આયોજન છે. તે જ દિવસે બાદમાં, તેઓ કોટ્ટાયમ ખાતે દીપિકા મલયાલમ દૈનિકના 140મા સ્થાપના વર્ષગાંઠ સમારોહનું ઉદ્ઘાટન કરવા માટે કેરળની મુલાકાત લેશે.

# AMIT SHAH - COMMITTEE

કેન્દ્રીય મંત્રી અમિત શાહે દેશમાંથી ગેરકાયદેસર રહેતા લોકોને ઓળખવા અને તેમને દેશનિકાલ કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે

## (બાઇટ – અમિત શાહ)

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ પ્રકાશ પ્રભાકર નાઓલેકરના નેતૃત્વ હેઠળની સમિતિ એક વર્ષની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે.

ગૃહમંત્રીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની પ્રશંસા કરતા કહ્યું કે વાડના કામ માટે સાત દિવસમાં 600 હેક્ટર જમીન સરહદ સુરક્ષા દળને સોંપવામાં આવી હતી.

# AMIT SHAH ON KUTCH

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે સરહદ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે - સરહદ સંબંધિત મુદ્દે ઉચ્ચસ્તરીય બેઠક કરશે**

**પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિ નો અહેવાલ**

**(VOICE CAST – હન્સીની વાજા)**

(કેન્દ્રીય ગૃહ મંત્રી ગુજરાત પ્રવાસના બીજા દિવસે ગત રાત્રે ભુજ પહોંચ્યા હતા. જિલ્લા ભાજપ પરિવાર દ્વારા તેમનું અભિવાદન કરવાં માં આવ્યું હતું . આજે સવારે તેઓ બોર્ડર આઉટ પોસ્ટ જી-7નું ઉદ્ઘાટન કરશે અને BSFના જવાનો સાથે સંવાદ કરશે. કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ અને અતિ સંવેદનશીલ હરામીનાળા તથા ક્રિક વિસ્તારની મુલાકાત લેશે- જળમાર્ગ દ્વારા નિરીક્ષણ કરશે. આ દરમિયાન તેઓ બોર્ડર સિક્યોરિટી ફોર્સ દ્વારા કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે અને ઉચ્ચ અધિકારીઓ સાથે સરહદ સુરક્ષાના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.)

# DOVAL RUSSIA

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે રશિયામાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા મંચને સંબોધતા આતંકવાદ સામે નિર્ણાયક કાર્યવાહી કરવાની અને આતંકવાદ સામેની લડાઈમાં બેવડા ધોરણો હોઈ શકે નહી તેમ જણાવ્યું હતું.

## (વોઇસ કાસ્ટ – અજીત ડોભાલ)

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, મોસ્કોમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, શ્રી ડોભાલે મોસ્કોમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય સુરક્ષા મંચ અને સુરક્ષા બાબતો માટે ઉચ્ચ પ્રતિનિધિઓની 14મી બેઠકમાં ભાગ લીધો હતો.

રશિયન ફેડરેશનની સુરક્ષા પરિષદના સચિવ સેરગેઈ શોઇગુ દ્વારા આયોજિત આ બેઠકમાં 'બહુધ્રુવીય વિશ્વના ઉદભવના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટેના પડકારો અને ધમકીઓ' પર ચર્ચા કરવામાં આવી હતી.

પશ્ચિમ એશિયાની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા, શ્રી ડોભાલને હોર્મુઝ સ્ટ્રેટ અને લાલ સમુદ્ર સહિત આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા વેપારની સલામત અને અવિરત હિલચાલ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો.

શ્રી ડોભાલે તેમના રશિયન સમકક્ષ શોઇગુ સાથે બેઠક દરમિયાન, બંને પક્ષોએ સંરક્ષણ, સુરક્ષા, ઊર્જા અને વેપાર-આર્થિક સંબંધોના ક્ષેત્રોમાં સહયોગની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM - TRIBAL SECURITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે નવી દિલ્હીમાં આદિવાસી સુરક્ષા મંચના પ્રતિનિધિઓને મળ્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, આદિવાસી સમુદાયનું સમર્પણ ખરેખર પ્રશંસનીય છે. આ બેઠક દરમિયાન, આદિવાસી સમુદાયોના વિકાસ અને તેમના સશક્તિકરણને લગતા વિવિધ વિષયો પર અર્થપૂર્ણ ચર્ચાઓ થઈ.

# MP - CBI ARREST

ત્વિષા શર્મા મૃત્યુ કેસમાં સીબીઆઈએ ગિરિબાલા સિંહની ધરપકડ કરી છે. ગિરિબાલા ત્વિષાના સાસુ અને નિવૃત્ત જિલ્લા અને સત્ર ન્યાયાધીશ હતા. ગઈકાલે તેમની ભોપાલમાં ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ, સીબીઆઈની ટીમે ગિરિબાલાના ઘરે લગભગ સાત કલાક પૂછપરછ અને તપાસ કરી હતી, ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

એક દિવસ પહેલા, મધ્યપ્રદેશ હાઈકોર્ટે તેમના આગોતરા જામીન રદ કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે કેસની ગંભીરતા, પુરાવા અને તપાસના તબક્કાને જોતાં, તેમને રાહત આપવી યોગ્ય નથી.

ત્વિષા શર્માનું 12 મેની રાત્રે ભોપાલના કટારા હિલ્સ વિસ્તારમાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હતું. તેના સાસરિયાઓએ દાવો કર્યો છે કે તે આત્મહત્યા હતી. પરંતુ તેના પરિવારે તેના પતિ અને સાસરિયાઓ પર હત્યાનો આરોપ લગાવ્યો છે. 24 મેના રોજ, દિલ્હી એઇમ્સની એક ટીમે ભોપાલ એઇમ્સમાં બીજું પોસ્ટમોર્ટમ કર્યું.

# IRAN & US WAR

અમેરિકન અને ઈરાની વચ્ચે વધુ આગમી 60 દિવસના યુદ્ધવિરામના માટે સમજૂતી પત્રના માળખા પર સંમત થયા છે, પરંતુ આ કરારને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અંતિમ મંજૂરીની જરૂર છે.

આ માળખા હેઠળ, હોર્મુંઝ સ્ટ્રેટ કોઈપણ દખલ વિના જહાજો માટે ફરીથી ખુલશે - કોઈ ટોલ અને કોઈ દખલ નહીં – પરંતુ તેના માટે ઈરાનને 30 દિવસની અંદર જળમાર્ગમાં તૈનાત જહાજો અને શસ્ત્રોને દૂર કરવા પડશે. બદલામાં, અમેરિકા ઈરાની બંદરો પરનો તેનો નૌકાદળની નાકાબંધી હટાવશે અને તેહરાનને મુક્તપણે તેલ વેચવાની મંજૂરી આપતા પ્રતિબંધોમાં છૂટ આપશે.

આ કરારમાં આગામી 60 દિવસમાં પરમાણુ શસ્ત્ર અને યુરેનિયમ અંગે ઇરાન માટે મહત્વપૂર્ણ મુદ્દો છે. યુદ્ધ વિરામ વચ્ચે ઇરાને અને અમેરિકી સૈન્ય દ્વારા હુમલા થતાં યુદ્ધ વિરામ માટે અસમંજસ સ્થિતિ સર્જાઇ છે

**(વોઇસ કાસ્ટ –વિનોદ કુમાર)**

# AMIT SHAH ON Commonwealth GAMES

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

અમિત શાહે જણાવ્યું હતું કે મોદી સરકાર દેશમાં વિશ્વસ્તરીય રમતગમત માળખા અને અત્યાધુનિક તાલીમ સુવિધાઓનો વિસ્તાર કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરવા માટે રમતગમત સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. અમદાવાદ 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે અને 2036 ઓલિમ્પિક્સ માટે સત્તાવાર બિડ પણ રજૂ કરી છે.

# IPL

**IPL** ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ આજે સાંજે નવા ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ક્વોલિફાયર 2 માં ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. વિજેતા ટીમ રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે **IPL** 2026 ની ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.

ગુજરાત ટાઇટન્સ ક્વોલિફાયર 1 માં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (**RCB**) સામે હારી ગઈ હતી, જ્યારે રાજસ્થાન રોયલ્સ એલિમિનેટર 1 માં સનરાઇઝર્સ હૈદરાબાદને હરાવીને સ્થાન મેળવ્યું હતું.

ગુજરાત ટાઇટન્સ રાજસ્થાનના ઓપનર વૈભવ સૂર્યવંશીને રોકવાના રસ્તાઓ શોધી રહ્યું છે, જેણે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે 28 બોલમાં 97 રન બનાવ્યા હતા વાનખેડે ખાતે તેમની અંતિમ લીગ ફેઝ મેચમાં મુંબઈ ઇન્ડિયન્સને હરાવીને રાજસ્થાને પ્લેઓફમાં સ્થાન મેળવ્યું હતું.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકિતા શાહ...

- આજના મોટાભાગના અખબારોમાં ન્યાયતંત્રમાં પણ ભ્રષ્ટાચાર, ઈરાન-અમેરીકા વચ્ચે શાંતિની આશા ઉપર પાણી !...કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારામૈયાનું રાજીનામુ, ડી.કે. શિવકુમારના શિરે તાજ પહેરાવશે... આ સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારની હેડલાઈન છે ન્યાયતંત્રમાં પણ ભ્રષ્ટાચાર, જજો ભ્રષ્ટ છે...મદ્રાસ હાઈકોર્ટ...
- સંદેશ પ્રથમ પાને લખે છે કોર્ટના જજીસ ભ્રષ્ટ હતા અને છે- મદ્રાસ હાઈકોર્ટ
- નવગુજરાત સમયની હેડલાઈન છે ટ્રમ્પ રાજી થાય તો ઈરાન સાથે 60 દિવસ યુદ્ધવિરામ નક્કી...
- ફૂલછાબ લખે છે ભાવનગરથી ભરૂચનું અંતર માત્ર 45 મિનિટ...ખંભાતના અખાતમાં બનશે ભારતનો સૌથી લાંબો સી બ્રિજ....
- દિવ્ય ભાસ્કર છેલ્લા પાને લખે છે ડભોઈના પૂર્વ ધારાસભ્યના એનઆરઆઈ પુત્ર પાસેથી અમદાવાદના 7 ભાગીદારે 6.18 કરોડ પડાવ્યા... કોન્ગોમાંથી આવેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ....
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો 6 મનપાના મેયર અને પદાધિકારીઓની વરણી સાથે સત્તાનો શંખનાદ... શિક્ષણ વિભાગમાં ઓનલાઈન બેઠકો ફરજિયાત, વિદેશ પ્રવાસ પર નિયંત્રણ

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800–11–7800 પર તેમજ MyGOV ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે.

ઉપરાંત નાગરિકો 1922 નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે - SMSમાં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. મંતવ્ય અને સૂચન મોકલવાનો આજે અંતિમ દિવસ છે.